દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ ૧૬૪ વર્ષ

સોમવાર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

# મણીપુરમાં નાગા અને કૂકી સમુદાયો વચ્ચેનો વિવાદ સરકારે અટકાવવો પડશે

મણિપુરના સેનાપતિ જિલ્લાના કલેનજાંગ ગામમાં લોકો પર હુમલાખોરોએ ગોળીબાર કર્યો. આ ઘટનામાં બે નાગા લોકોનાં મોત થયા, જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા. ઘટના શનિવારે બપોરે બની હતી. મૃતકોની ઓળખ રોકી માઓ અને કુમાર પુમઈ તરીકે થઈ છે. ઘાયલોની ઓળખ અદાની મેનિયો અને આશિહો સાની તરીકે થઈ છે. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક સૂત્રોએ હુમલા પાછળ કુકી સમુદાયના સભ્યોનો હાથ હોવાનો આરોપ લગાવ્યો છે. જોકે, તેની પુષ્ટિ થઈ નથી. હુમલાખોરોની ઓળખ અંગે પણ પોલીસ તરફથી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. સીએમ ખેમચંદ સિંહે આ હત્યાને નિર્દોષ લોકો વિરુદ્ધની કાયરતાપૂર્ણ હિંસા ગણાવી. સપ્ટેમ્બરમાં ચાર જિલ્લાઓમાં થયેલા અલગ-અલગ ગોળીબારમાં અત્યાર સુધીમાં 13 લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. સ્થાનિક સંગઠનોના જણાવ્યા મુજબ, ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 50 સામાન્ય નાગરિકો માર્યા ગયા છે. તેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. મણિપુર છેલ્લા કેટલાક સમયથી વંશીય હિંસા અને અશાંતિની આગમાં હોમાઈ રહ્યું છે. સામાન્ય રીતે આ વિવાદ મેઇતેઈ (Meitei) અને કૂકી (Kuki) સમુદાય વચ્ચેના ટકરાવ તરીકે જોવામાં આવે છે, પરંતુ ઉત્તર-પૂર્વ ભારતની આ જટિલ ભૂ-રાજનૈતિક પરિસ્થિતિમાં નાગા (Naga) અને કૂકી સમુદાય વચ્ચેનો ઐતિહાસિક વિવાદ પણ એટલો જ ગંભીર અને નિર્ણાયક છે. આ બે આદિવાસી સમુદાયો વચ્ચેના મતભેદો માત્ર સપાટી પરના નથી, પરંતુ તેના મૂળિયાં જમીનની માલિકી, સાંસ્કૃતિક ઓળખ, ઐતિહાસિક વર્ચસ્વ અને રાજકીય આકાંક્ષાઓ સાથે ઊંડે સુધી જોડાયેલા છે. નાગા અને કૂકી સમુદાય વચ્ચેના વિવાદનો ઇતિહાસ દાયકાઓ જૂનો છે. આ બંને સમુદાયો મુખ્યત્વે મણિપુરના પહાડી વિસ્તારોમાં વસે છે. બ્રિટિશ શાસન દરમિયાન કૂકી સમુદાયના લોકોને નાગા સમુદાયના પ્રભાવને સંતુલિત કરવા માટે કેટલાક પહાડી વિસ્તારોમાં વસાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવે છે, જેણે બંને વચ્ચે શંકા અને અવિશ્વાસના બીજ વાવ્યા હતા. આ તણાવનો સૌથી ભયાનક તબક્કો ૧૯૯૦ના દશકમાં જોવા મળ્યો હતો. ૧૯૯૨ થી ૧૯૯૬ દરમિયાન નાગા અને કૂકી સમુદાયો વચ્ચે રક્તરંજિત વંશીય હિંસા થઈ હતી, જેમાં બંને પક્ષે સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા હતા અને હજારો લોકો બેઘર બન્યા હતા. ૧૩ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ થયેલા ‘જુપી મધ્યરાત્રિ હત્યાકાંડ’ (Joupi massacre)માં ૧૦૦થી વધુ કૂકી ગ્રામજનોની હત્યા કરવામાં આવી હતી, જેને કૂકી સમુદાય આજે પણ ‘કૂકી બ્લેક ડે’ તરીકે યાદ કરે છે. આ દશકની હિંસાએ બંને સમુદાયો વચ્ચે અવિશ્વાસની ઊંડી ખાઈ બનાવી દીધી હતી. વિવાદનું સૌથી મુખ્ય કારણ જમીન પરનું વર્ચસ્વ છે. નાગા સમુદાય પોતાને મણિપુરના પહાડી વિસ્તારોના મૂળ નિવાસી માને છે, જ્યારે તેઓ કૂકીઓને બાદમાં બહારથી આવીને વસેલા સમુદાય તરીકે જુએ છે. મણિપુરના સેનાપતિ, તામેંગલોંગ, ઉખરુલ અને ચુરાચંદપુર જેવા પહાડી જિલ્લાઓમાં કયો વિસ્તાર કોના પ્રભાવ હેઠળ રહેશે તે અંગે સતત દાવો-પ્રતિદાવા થતા રહ્યા છે. નાગા સમુદાયનો આરોપ છે કે કૂકી સમુદાયે ધીમે ધીમે તેમના પરંપરાગત વિસ્તારોમાં અતિક્રમણ કર્યું છે. બીજી તરફ, કૂકી સમુદાયનું માનવું છે કે તેઓ સદીઓથી આ જમીન પર રહે છે અને તેમની પાસે પણ પોતાના વિસ્તાર અને સંસાધનો પર સમાન અધિકાર છે. નાગા ઉગ્રવાદી સંગઠનો (જેમ કે NSCN-IM) અને નાગા જૂથો મણિપુરના નાગા પ્રભુત્વ ધરાવતા પહાડી વિસ્તારોને આવરી લઈને એક ‘બૃહદ નાગાલેન્ડ’ બનાવવાની માંગ કરી રહ્યા છે.


કૂકી સમુદાય પોતાના માટે અલગ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની માંગ કરી રહ્યો છે, જે વિસ્તારોને તેઓ પોતાના સાર્વભૌમ ક્ષેત્ર તરીકે ઓળખાવે છે. સમસ્યા એ છે કે નાગા અને કૂકી બંને સમુદાયો જે ભૌગોલિક વિસ્તારો પર પોતાનો દાવો કરે છે, તેમાંના ઘણા વિસ્તારો ઓવરલેપ (એકબીજા સાથે જોડાયેલા) થાય છે. જો કૂકીલેન્ડની માંગ સ્વીકારાય તો નાગા સમુદાયના દાવો કરેલા વિસ્તાર પર અસર પડે છે, અને જો નાગાલેમ બને તો કૂકી વિસ્તારો તેમાં વિલીન થઈ જાય છે. આ પરસ્પર વિરોધી આકાંક્ષાઓ શાંતિપૂર્ણ ઉકેલમાં મોટો અડચણરૂપ બને છે.

## આજનો શબ્દ : બખડજંતર

આ એવો શબ્દ છે જે કોઈ એક સંસ્કૃત મૂળ ધાતુમાંથી સીધો ઉતરી આવ્યો નથી બલ્કે બે અલગ અલગ લોકબોલીના પ્રયોગો કે ધ્વનિઓ ભેગા મળીને બન્યો છે. બખડ (બખેડો) મૂળ ફારસી ભાષાનાં શબ્દ બખેડા (એટલે કે ઝગડો, ધાંધલ, ગડબડ) પરથી લેવાયો છે. આ ‘બખડ’ સાથે જંતર (યંત્ર) જોડાયો છે જે મૂળ સંસ્કૃતનાં ‘યંત્ર’ નું તદ્દભવ અને અપભ્રંશ રૂપ છે. બખડજંતર એક વિશેષણ છે જેનો અર્થ ઢંગધડા વિનાનું, ગડબડિયું કે અસ્તવ્યસ્ત થાય, જૂનું નકામું રાચરચીલું હોય તેને, ગોટો વાળો, ઘાલમેલ, ને ધાંધલ-ધમાલને બખડજંતર કહેવાય છે. કહેવાય છે કે આણે તો બખડજંતર ઊભું કર્યું એટલે કે આડુઅવળું કર્યું, ગોટો વાળો કર્યો.


## પુસ્તકો મળ્યા છે

### ચાર્વી ભટ્ટનો સંશોધનગ્રંથ ‘સરસ્વતી શૃંગાર’




પોતીકી સંશોધક દૃષ્ટિ સાથે જરા જુદા પડતાં વિષયમાં સંશોધન કરનારા યુવા સંશોધકો ઓછા છે. ‘સરસ્વતી શૃંગાર’: જ્ઞાન પરંપરાનો ગવાક્ષદીપ’માં વતનપ્રીતિ સાથે જીવનરામગોર જેવા લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં ઓછા જાણીતા સંશોધક નિમિર્ત ‘સરસ્વતી શૃંગાર’ સામયિકની સામગ્રીને સંશોધનદૃષ્ટિ સાથે ઉપલબ્ધ કરાવે છે. પુસ્તક ખૂબ સરસ લે-આઉટ અને અતુલ ડોડિયાના મુખપૃષ્ઠથી શોભે છે. **પુસ્તકઃ** ‘સરસ્વતી શૃંગાર’ જ્ઞાન પરંપરાનો ગવાક્ષદીપ સંશોધકઃ ચાર્વીભટ્ટ પ્રકાશકઃ ફાર્બસ ગુજરાતી સભા, કીર્તન કેન્દ્રને ત્રીજે માળે, ઉત્પલ સંઘવી સ્કૂલ સામે, સંત જ્ઞાનેશ્વર માર્ગ, જૂદુ વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ- 400049 મૂલ્યઃ 350/-રૂ.

### જીગર શાહ અનુવાદિત ‘પ્રેમચંદના વાર્તારત્ન’



આજે પણ ઘણા માને છે કે પ્રેમચંદની વાર્તા, નવલકથાનાં અંગ્રેજીમાં સમયસર અનુવાદ થયા હોત તો પ્રેમચંદને નોબેલ પારિતોષિક મળ્યું હોત. એવા આ વાર્તાકારની 19 વાર્તાના અનુવાદ આ પુસ્તકમાં ઉપલબ્ધ છે જેમાં ‘શતરંજના ખેલાડી’, ‘કફન’, ‘ઈદગાહ’, ‘પોષની રાત’, ‘ઠાકુરનો કુવો’ તેના વિષય, પાત્રોનો સંઘર્ષ વડે મનુષ્યમનને તેના પરિવેશ વચ્ચે જે રીતે આલેખે છે તે પ્રેમચંદને વિશેષ બનાવી દે છે. પુસ્તકને સઘન પ્રસ્તાવનાની પણ જરૂર હતી પણ વાર્તા સ્વયં રત્નો સમાન છે. **પુસ્તકઃ** પ્રેમચંદના વાર્તારત્નો અનુવાદઃ જીગર શાહ પ્રકાશકઃ સાહિત્ય સંગમ, બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-395001 કિંમતઃ રૂ. 200/-

### અમિત ગામી ‘નિજ’ના ત્રણ ગઝલસંગ્રહ ‘સત્યમ’, ‘શિવમ’, ‘સુન્દરમ’



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાંથી બી.એ., એમ.એ. અને પીએચડી થયેલા અને અત્યારે કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી ભાષા ભવનના અધ્યાપક એવા ડો. અમિત ગામીના એક સામટા ત્રણ ગઝલસંગ્રહ ઉપરોક્ત શીર્ષક હેઠળ પ્રગટ થયા છે. સ્વયં ગઝલ સ્વરૂપના અભ્યાસી છે એટલે તેમની ગઝલો પણ આસ્વાદ ઉપરાંત અભ્યાસની અપેક્ષા રાખે છે.

**રેતમાં નીકળે સમદરો કંઈ થોડાને! એમ આવી વસો, વાત થોડી કરી લેશું.**

**પુસ્તકઃ** સત્યમ, ‘શિવમ’, ‘સુન્દરમ’, (ત્રિનેત્ર શ્રેણી): ગઝલકારઃ અમિત ગામી ‘નિજ’ પ્રકાશકઃ ડિવાઈન પબ્લિકેશન્સ, 30- બીજો માળ, કૃષ્ણ કોમ્પલેક્સ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ- 380001 કિંમત (દરેક સંગ્રહ દીઠ) રૂ. 170/-

## હું પૂછું, તમે કહો

**(1) ‘ધર્મયુગ’ નામના હિન્દી સામયિકની ‘કાર્ટૂન કોના’ કોલમ હેઠળ ‘ઢબ્બુજી’ નામના પાત્રને ખૂબ લોકપ્રિય કરનાર ગુજરાતી નવલકથાકાર કોણ?**

(ક) ચકોર (ખ) સારંગ બારોટ
(ગ) મહેશ મસ્તફકીર (ઘ) આબિદ સુરતી

**(2) જેમની ‘માનસ કા હંસ’, ‘ખંજન નયન’ નવલકથા ઉપરાંત ‘અમૃત ઔર વિષ’ નવલકથાને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળેલો એ હિન્દીના લેખક મૂળ ગુજરાતી, સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા. એમનું નામ શું?**

(ક) અમૃતલાલ વેગડ (ખ) અમૃતલાલ નાગર
(ગ) શિવકુમારી જોશી (ઘ) મહેશ દત્તાણી

**(3) 1947ના ભારતનાં ભાગલાથી અસહાય બનેલી અનેક સ્ત્રીઓ અને બાળકોના પુનર્વસન માટે કામ કરનાર એ લેખિકા જેમણે ‘મૂળસોતા ઉખડેલા ‘સંસ્મરણ કથા લખી છે**

(ક) કમળાબેન પટેલ (ખ) મણીબેન પટેલ
(ગ) હંસા મહેતા (ઘ) મૃદુલા સારાભાઈ

**(4) જેઓ ‘ગ્રંથ’ માસિકના તંગી હતા અને જેમણે 1958ની સાલમાં વાડીલાલ ડગલી સાથે પરિચય પુસ્તિકાઓનું પ્રકાશન શરૂ કરેલુ એ તંગી સંપાદક કોણ?**

(ક) દીપક દોશી (ખ) હરિકૃષ્ણ પાઠક
(ગ) મોહમ્મદ માંકડ (ઘ) યશવંત દોશી

**(5) અંકલેશ્વરનાં એ ગઝલકાર જેમનું નામ મગનલાલ પટેલ હતું અને ‘પ્રભાત-નર્મદા’ ‘મારા ઉર્વશી’, ‘અટૂલી અનાર’ જેવા કાવ્યસંગ્રહો જેમના નામે છે. તેઓનું ઉપનામ શું હતું?**

(ક) બેકાર (ખ) બાદરાયણ
(ગ) પતીલ (ઘ) ઘાયલ

(ઊંધું છાપેલું:) જવાબો: 1-ઘ, 2-ખ, 3-ક, 4-ઘ, 5-ગ


# પોતાનામાં બદ્ધ ને તોય અધૂના ગઝલના સમંદરનો ‘સાહિલ’

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

કોઈ કવિની સમગ્ર રચના સંકલનરૂપે મળે અને તે સંકલન દળદાર હોય તો એ સંકલનની રચનાઓના ભાવન દરમિયાન સતત આકલન પણ થયા કરે ને સવાલ જાગ્યા કરે કે લાંબા સર્જનકાળ દરમિયાન સર્જકતાનાં ધોરણ તો સચવાયાં છે ને?! જો એ સંકલન ગઝલોનું હોય તો થાય કે એ સ્વરૂપની વિશેષ પ્રલંબતાઓ રહી મર્યાદા બની જાય. ગઝલ લખતા આવડી જાય પછી ઘણીવાર તે શબ્દક્રીડામાં ફેરવાઈ જાય છે. સેંકડો નહીં, હજારો ગઝલો લખનારા શાયરો પણ આપણી ત્યાં છે. ગઝલકાર સ્વયં જો દૃષ્ટિપૂર્ણ વિવેક ન દાખવે તો, જો તેમની સર્જકતામાં ઘણું ઉત્તમ રહ્યું હોય ને સંપાદન પ્રગટ થવાનું બને તો સંપાદકે ખૂબ શ્રમ સાથે ઉત્તમ સારવી આપવું પડે. હમણાં ‘નીસા’ : ‘સાહિલ’નું ગઝલ સામ્રાજ્ય - નામનું દળદાર સંપાદન પ્રગટ થયું છે, જેના સંપાદક પ્રદીપ રાવલ, ‘સુમિરન’ અને દિનેશ કાનાણી છે. ૧૯૪૬માં જન્મેલા ‘સાહિલ’નું મૂળ નામ પ્રવીણકુમાર શામજીભાઈ ચૌહાણ. સંપાદકોએ જ નોંધ્યું છે કે ‘સાહિલ’ એ આશરે પાંચેક હજાર ગઝલો (ગુજરાતી-હિન્દુસ્તાની) લખી હશે. શિપિંગ કંપનીમાં મેનેજર રહેવા દરમિયાન આખા દેશના દરિયાકાંઠા અને બંદરોના પ્રવાસ કરવા દરમિયાન આ બધું લખાયું હશે તે સમજી શકાય. ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૫માં ‘સાહિલ’નું અવસાન થયેલું અને ૨૦૦૨માં ‘શતક વત્તા એક’ સિવાય કોઈ બીજો સંગ્રહ પ્રગટ થયો નહોતો. એ સંજોગોમાં ઉત્તમ ગઝલોને બચાવી લેવાના સંપાદકીય શ્રમથી આ સંપાદન ઉપલબ્ધ છે, જેમાં ૩૫૦ જેટલી ગઝલો અને થોડાં ગીત, અછંદસ પણ સમાવાયાં છે. ‘સાહિલ’નાં પત્નીનું નામ નીલાબહેન છે અને લાગે છે, તેમના નામનાં ‘ની’ સાથે ‘સાહિલ’નો ‘સા’ જોડી આ સંપાદનનું ‘નીસા’ નામ રાખ્યું છે.

‘સાહિલ’ એ એ સમયે લખવાનું શરૂ કરેલું જ્યારે ગઝલલેખનની શિષ્ટ પળાતી હતી એટલે ગઝલના છંદો તો કેળવાયા જ હોય. જીવાતાં જીવનનાં મર્મોને અને ગહન દર્શનને નાટકીય ગઝલોક્તિ બનાવનારા મુશાયરામાં વધારે સફળ જતા હોય છે. ‘સાહિલ’ તો મુશાયરાઓથી પણ દૂર રહ્યા છે એટલે ગઝલમાં એક આગવી અંતર્મુખતા પ્રગટી છે, જે વાચાળ નથી.

નાનકડી એક ગૂંચ ઉકેલી શક્યો નહીં વર્ષો
પછીયે એટલે તો જેમ-તેમ છું કે પછી
જંપવા દીધો નથી એકેય ક્ષણ એષણાઓ સાવ
ખેપાની હતી



**પુસ્તકઃ** નીસા (ગઝલસંપાદન) **સંપાદકઃ** ગઝલકાર : ‘સાહિલ’ **સંપાદકઃ** પ્રદીપ રાવલ, ‘સુમિરન’, દિનેશ કાનાણી **પ્રકાશકઃ** પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., લાભચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ **કિંમતઃ** રૂ. ૯૫૦/-

સંપાદકોએ સહજ જ નોંધ્યું છે કે, ‘તેઓ સાહિત્યિક રાજકારણ, વાડાબંધી, સંસ્થાઓ, મંડળોથી કાયમ અલિપ્ત જ રહ્યા. આ બધાથી અસ્પૃશ્ય રહી શુદ્ધભાવે માત્ર ને માત્ર સર્જન એ જ એમની ઈબાદત! ‘સાહિલ’ મોટા અધિકારી હતા, પૈસાની ખોટ નહોતી. તોય ગઝલસંગ્રહો કરવા બાબતે બેપરવાહ રહ્યા તેમાંય પણ તેમનું વલણ સૂચવાય જ છે. પાંચેક દાયકાના લેખનમાં તેઓ આધુનિક સમયની સંવિત્તિને પણ પ્રગટ કરે છે ને ત્યારે એક નવો મરોડ પ્રગટે છેઃ

પીળાં પાંદડાં હજી ફરફરે છે, વિત્યાં વરસની
ત્વચા તળે
તમે ક્યાંય જોઈ વસંતને તરસી તરસની ત્વચા
તળે યા
હતી શૂન્યતા, નરી શૂન્યતા, ફક્ત ચોતરફ
નરી શૂન્યતા
અને ક્યાં અમસ્તા સમયની સાથે દિવસ ને રાત
લાગ્યા છીએ
યા
ગઈ કાલ હતો ના બસ એમ જ, નહીં હોઉં કાલે
અહિયાં
આ આજનું મારું હોવું તો, બસ વચગાળાની
મૌસમ છે

તેઓ પોતાના ન હોવાના સમયને સતત વાંચે છેઃ

પછી કોને કહેશો આંગળી ચીંધી આ સાહિલ છે
ઘડી કે બે ઘડીમાં રાખનો ઢગલો થવાનો હું

‘સાહિલ’ એટલે હનીફ સાહિલ નહીં એવા આ શાયર સાવ ટૂંકી બહેરની ગઝલ પણ લખે

નભ વેરાયું
ઘરના નળિયે
કે પછી
સાજણ છે શામળિયા જેવો
મંત્રેલા માળિયા જેવો!
અને વધુ એક
માની ગાળ્યું
ઘીની નાળ્યું!
ઘરડરાએ
ગાડું વાળ્યું!

ને એ જ ‘સાહિલ’ પ્રલંબ લયમાં લખે

રાત ને દિન બેઉ હાવોથી ધધમતા લાવાને પીધાં
છતાંય સાવ ડંકાગાર છીએ આપણે
લોક માને છે છતાંય આ ઢળેલા આસમાનોને
ટકાવી રાખતો આધાર છીએ આપણે

‘સાહિલ’માં એક વિષાદનો ભાવ સતત રહે છે પણ તેમાં ચિંતન ભળવાથી મર્મભેદક બને છેઃ

ભ્રમણામાં જીવી જીવી ભ્રમ થઈ ગયા અને એક
ખાલીખમ ઝરૂખે ખતમ થઈ ગયા અમે ને એક
શેર છેઃ
શું કહું હું કેમ મારા નૈન રોયા કેટલાં વર્ષો પછી
મેં તમને જોયા

‘સાહિલ’માં બદલાતા સમયની તીવ્રતા જરૂર છે પણ કૃતક આધુનિકતાના શરણે જતી નથી. ગઝલના સૌંદર્યશાસ્ત્રનો પોતીકા રચનાપ્રમાણ રચતા જઈ તેમણે લખ્યું છે.

કહો ઊતર્યા અમલમાં કેટલાં વર્ષો અમે જીવ્યાં
એ ગમતીલાં ગરલમાં કેટલાં વર્ષો અમે જીવ્યાં

તેઓ સ્વકીય અનુભૂતિમાંથી સહજભાવે લખવામાં માનતા હતા અને અન્ય ગઝલકારોની પ્રસિદ્ધિ યા મુશાયરા દોડ તેમનામાં ઉન્માદ જગાવતાં નથી.

ખબર પણ ન પામ્યો નામ પર મારા લખાયેલી
મને જોનારાએ જોયો ભલે કાગળના દરિયામાં

દિનેશ કાનાણીએ ‘સાહિલ’ વિશેના લેખમાં નોંધે છે, ‘ગુજરાતી ગઝલ સાહિત્યમાં લગભગ ૫૦ વર્ષથી સતત-નિરંતર તરોતાજા ગઝલોનું સર્જન કરતા રહેલા સમર્થ, સમૃદ્ધ ને શાંત કવિનું નામ એટલે ‘સાહિલ’.’

આપણા ઘણા ગઝલકારોને હિન્દી, ઉર્દૂમાં ય પ્રગટ થવાની ઝંખના રહી છે એટલે આદિલ મન્સૂરી, નયન દેસાઈ વગેરેની જેમ ‘સાહિલ’ પણ હિન્દીમાં લખ્યું, ગઝલ લખી તો હઝલ પણ લખી ને ગીતો ય લખ્યા. ગઝલ જ તેમની ઓળખ રહી. સંપાદકોએ ગઝલકારને યોગેશ વૈદ્ય, દિલેરબાબૂ, વિનોદ જોશી, ડૉ. વીરેન્દ્ર મહેતા વગેરેના લેખો પણ સમાવ્યા છે જેમાં બે કૃતિ-આસ્વાદ સ્વરૂપે છે ને અન્ય ગઝલ-ગઝલકાર સમીક્ષા રૂપે.

## એએએ... સાંભળો! સાંભળો!

# ‘ઝટ જાઓ ચંદનહાર..’ ગીતની લોકપ્રિયતા કાલે હતી, આજે ય છે

**રંગરસીયા**

લોકજીવનમાં જે કાવ્યપ્રકારનો સહુથી વધુ સ્વીકાર છે તે ગીત છે. લોકગીત તો જાણીતા જ છે પણ આપણા કોઈ પણ સામાજીક પ્રસંગો ગીત વિનાનાં નથી એ તેથી જ આપણી રંગભૂમિ પર પણ અનેક ગીતો ગવાયા છે અને નાટકનાં કથનનાં ભાગ બન્યા છે. જૂની રંગભૂમિની લોકપ્રિયતામાં ગીતોનું મહત્ત્વ ખૂબ હતું. આઝાદી પછી જે નવી રંગભૂમિનું પ્રવર્તન જોવા મળ્યું તેમાં આ ગીત-સંગીતનું તત્વ બાદ થઈ ગયું. ખેર! એવું ય થાય પણ વિશ્વભરમાં જ્યા રંગભૂમિ છે તેના અત્યંત લોકપ્રિય નાટકો ગીત-સંગીત વિનાનાં નથી. ગીત-સંગીત વિના નાટકો ચલાવવા હોય તો પ્રવીણ જોશી ક્રાન્તિ મડિયા, શૈલેશ દવે જેવી રંગભૂમિ સજ્જતા જોઈએ કે જે અત્યંત વિચાર, ચિંતનસભર નાટયકથા જે ઉત્તમ મંચપાઠ સાથે લખાયેલી હોય અને દર્શનીય તેમજ નાટયકથા, પાત્રો, સંઘર્ષને યોગ્ય સન્નિવેશ, પ્રકાશ આયોજન, વેશભૂષા, સંગીત અને પ્રભાવક અભિનય સાથે મંચિત થાય. આજે આ પ્રકારની સજ્જતા અને દૃષ્ટિવાળા દિગ્દર્શકો નથી એટલે કોમેડી-કોમેડાથી મુંબઈની રંગભૂમિ હાંફી ગઈ છે.

‘ઝટ જાઓ ચંદન હાર લાવો’ ગીત યાદ હશે. એ એટલું લોકપ્રિય છે કે લોકો તેના ગીતકારનું નામ પણ ભુલી ગયા છે. ‘મનસ્વી’ પ્રાંતી જે એ ગીત ‘વલ્લભીપતિ’ નાટક માટે લખેલું અને કાસમભાઈએ સંગીતબધ્ધ કરેલુ. 16મે 1927ના રોજ શ્રી દેશી નાટક સમાજના ભાંગવાડી થિયેટરનાં તખ્તે તે ગવાતું ભજવાતું. હકીકતે આ ગીત નાટકની કથાના ભાગરૂપે નહોતું. ત્યારે નાટકને ‘ચલાવવા’ માટે પ્રહસન વિભાગ રમાતો. આ ગીતને વિભાગમાં સ્ત્રીપાત્ર ભજવતાં ‘કાઠિયાવાડી કબૂતર’ (આણંદજી બી.પંડ્યા) અને કેશવલાલ કપાતરનાં અભિનયમાં રજૂ થતું. આ નાટકમાં તેઓ પન્ના અને પૂનમચંદ નામનાં પાત્ર ભજવતાં. પરણ્યાની પહેલી રાતે પૂનમચંદ નવોઢા પન્નાને ઘૂંઘટ હટાવવા વિનંતી કરે છે. ગીત તો પછી શરૂ થાય છે, પહેલાં આ સંવાદ છે.

**પૂનમચંદઃ** વહાલી હવે ઘૂંઘટ હટાવો અને તમારા કમળમુખનાં દર્શન કરાવો.
**પન્નાઃ** ઘૂંઘટ ખોલવાનું તો ઈનમ દેવુ પડશે.
**પૂનમચંદઃ** અરે, તારા ઘૂંઘટ પર તો આખું ઘોઘા બંદર બક્ષિસ છે. બોલ બોલ પ્યારી પન્ના તને શું ઈનામ જોઈએ?
**પન્નાઃ** મારે તો ચંદનહાર જોઈએ.
**પૂનમચંદઃ** અરે એ ચંદનહારમાં તે શું બળ્યું છે, તું કહે તો મોહનગાર મગાવી દઉં,
**પન્નાઃ** ઊંહુ!
**પૂનમચંદઃ** અરે, હીરાનો હાર લાવી દઉં!
**પન્નાઃ** ઊંહું!
પૂનમચંદઃ અરે, કાકુશેઠનો કોહિનૂર લાવી દઉં.
**પન્નાઃ** ઊંહું.
**પૂનમચંદઃ** ભાઈ વાહ ના બોલવું કે ચાલવું. ઊંહુ તણી બસી વાત છે. (પ્રેક્ષકો તરફ નજર કરો) અરે, વાંઢા બિરાદરો પરણવું એ કતલ કેરી રાત છે.
**પન્નાઃ** બસ, મારે તો એ હાર જ જોઈએ. માટે ઝટ જાઓ ને ચંદનહાર લાવો.

આ સંવાદ પછી ગીત શરૂ થાય છે.

**ઝટ જાઓ ચંદનહાર લાવો**

**પન્નાઃ** ઝટ જાઓ, ચંદનહાર લાવો ઘૂંઘટ નહીં ખોલું હું મને લાગ્યે એ હારનો નેડલો, તનથી નહીં બોલું હું
**પૂનમચંદઃ** મોંઘી તારી માગણી અને મોંઘા તારાં મૂલ મોંઘી તારી પ્રીતડી, મેં કરતા જ કીધી ભૂલ, ઘૂંઘટ ઝટ ખોલોને,
**પન્નાઃ** મોહન મેં તો માંગીયો, મોંઘો ચંદનહાર લાવોહારપિયુપછીતમેલૂંટોજોબનિયાનીબહારરે, ઘૂંઘટ પછી ખોલુ હું
**પૂનમચંદઃ** રામે મૃગને મારીયો કનકકંચુકી કા જ
હું મારું કોઈ સોનીને આ નથી નવાબી રાજ રે ઘૂંઘટ ઝટ ખોલોને...
**પન્નાઃ** અલગારા અલબેલડા કરગરતા શું કામ? હાર ન લાવો ત્યાં સુધી તમે લેશો ના મારું નામ રે ઘૂંઘટ નહીં ખોલું હું...
**પૂનમચંદઃ** ચંદનહાર ચૌટે મળે જો ખિસ્સામાં દામ સોની નાજાભાઈ તો આજે ગયા છે ભાવનગર ગામ રે ઘૂંઘટ ઝટ ખોલોને
**પન્નાઃ** તું મદ્રાસી મોરલો ને હું સોરઠની ઢેલ પરણ્યાં હોય તો પાળ જે, નહીં તો પિયર વળાવી મેલ રે ઘૂંઘટ નહીં ખોલું હું...
**પૂનમચંદઃ** જૂનાગઢની સુંદરી ને પન્ના તારું નામ આ ભાંગવાડી ભેગી થઈ તને જોવા આવ્યું મુંબઈ ગામ રે ઘૂંઘટ ઝટ ખોલો ને
**પન્નાઃ** હાર ન જોઈએ હેમના, ના જોઈએ રેશમ ચીર ચંદનહાર લાવી દિયો, મારી સગી નણદલના વીર રે ઘૂંઘટ નહીં ખોલું હું

આ ગીત લોકપ્રિયતા તો આજે ય કમ નથી અને જે વખતે તે જાણીતું થયું તે વખતે તો આ ગીતની અસરથી નાટક રજૂ થયાના સત્તર જ દિવસમાં મુંબઈ-ઝવેરીબજારમાંથી બધા ચંદનહાર વેચાઈ ગયેલાં. ગીતમાં કાકુશેઠનો કોહીનૂર ઉલ્લેખાયો છે. નાટકમાં કાકુશેઠનું પાત્ર હતું અને તેના સંદર્ભથી પ્રહસન વિભાગનું ગીત મૂળ નાટકની કથા સાથે પણ જોડાય જાય છે. આ ગીત પછીથી ‘અખંડ સૌભાગ્યવતી’ ફિલ્મમાં સમાવવામાં આવેલુ. 1963ની એ ફિલ્મમાં આશા પારેખ, મહેશ કુમાર હતા. સંગીતકાર કલ્યાણજી-આણંદજી. જૂની રંગભૂમિમાં ગીતો સુગમ સંગીતકારો માટે પણ વિશેષ બન્યા છે.

**(બહુવિધ કલામર્મગ્ય અભિજીત વ્યાસે મોકલેલી નાટકની બુકલેટને આધારે)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અમેરિકા ટેરિફ નાખતા પહેલા વિચારે

અમેરિકાએ રશિયા પર દબાણનું નિર્માણ કરવાના હેતુથી ભારત પર 100% ટેરિફ નાખવાનું બિલ અમેરિકાએ મંજૂર કર્યું. આ નિર્ણયની સામે જે.પી. માર્ગનનાં સી.ઈ.ઓ. એ જે.પી. ડિમોને અમેરિકાને ચેતવણી આપતા જણાવ્યું છે કે ભારત પર ટેરિફ નાખતા પહેલા 100 વખત ચિંતન કરજો કેમ કે ટેરિફ નાખતા પહેલાં તેની સાઇડ-વિપરીત અસરો વિશે સમજવું ખૂબ જ જરૂરી છે. જો ટેરિફ નાખાશે તો તેના પરિણામે ભારત અને આખા વિશ્વમાં ક્રૂડ ઓઈલ માર્કેટ પર પડનારી અયોગ્ય અસરોનો અભ્યાસ કરવો તેમના માટે (અમેરિકા) હિતકારી છે. રશિયા પાસેથી ખરીદેલો ઓઈલનો કેટલોક હિસ્સો ભારતમાં રિફાઈન થઈને ઉપયોગમાં લેવાય છે, તો કેટલોક હિસ્સો રિફાઈનરીની જરૂરિયાત અનુસાર ખરીદવામાં આવે છે. ભારતે પણ જણાવી દીધું છે કે ટેરીફ નાખતા અમે અમેરિકાએ કદી ન ભૂલવું જોઈએ કે ભારત વિશ્વનુ ત્રીજું ક્રુલ ઓઈલ ઈસ્પોટેરે છે.

**મોટા મંદિર - રાજુ રાવલ**

### રફતાર નો કહેર

આધુનિકતા એ જીવનને ઘણું સરળ અને ઝડપી બનાવ્યું છે. પણ દેશના ખૂણે ખૂણેથી દરરોજ આવતા અકસ્માતના સમાચારો આ કહેવાતી આધુનિકતાએ મનુષ્ય જીવનનો દાટ વાળ્યો છે.અકસ્માત અકસ્માતે થાય તો ઠીક પરંતુ તમારા મોજશોખ,હવાબાજી, સ્ટંટ અને બેદરકારી થી થાય એને કેમ અકસ્માત ગણવા? આ રીતસરની નફ્ફટાઈ છે. દારૂના નશામાં કે પછી રીલ બનાવવા માટે ઓવર સ્પીડિંગ,બાપાના પૈસે મોજ કરવી આ બધી બાબતોને કારણે થતા અકસ્માતો કેટલાય લોકોની અને પરિવારોની જિંદગી બરબાદ કરી રહ્યા છે.આવા લોકોના માં બાપ પણ યોગ્ય ઉછેર કરવામાં નિષ્ફળ ગયા હોય એમ કહીએ તો ખોટું નથી. આટલું ઓછું હોય તેમ સરકારના ભ્રષ્ટાચારના પાપે ગુણવતા વગર ન રોડ, હાઈવે પર પ્રાણીઓ આવી જવાથી થતા અકસ્માત પણ એટલા જ વધારે છે.સામાન્ય માણસ કીડી મંકોડા ની જેમ અકસ્માતોમાં મરી જાય છે ને કોઈને કોઈ ફરક પડતો નથી. ગમે તેવા કાયદાથી આ પરિસ્થિતિ બદલાવાની નથી. સ્વયંશિસ્ત જોઈએ.જવાબદાર નાગરિક બનાવવા પડશે.મારા મોજશોખ માટે કોઈના જીવન સાથે રમવાનો મને કોઈ અધિકાર નથી એવો ભાવ જોઈશે.બાકી આમ ને આમ કેટલાય ઘરના દીવા સમય પેહલા જ ઓલવાતા રહેશે.

**સુરત -કિશોર પટેલ**

### અમુક સત્તાઓ સરકારના હસ્તક હોવી જોઈએ

દેશમાં દરેક સેવા ઓનું ખાનગી કરણ થઈ રહ્યું છે. વર્ષ ૧૯૯૧ મા ઉદારીકરણ ની નીતિ અપનાવી ત્યારથી શરૂઆત થઈ તે આજ સુધી ચાલું જ છે. તાજેતરમાં અખબારમાં પ્રકાશિત થયેલ સમાચાર મુજબ સુરતની સ્થાનિક સંસ્થા વર્ગ ૪ની ભરતી બંધ કરવા જઈ રહી છે. દરેક સરકારી સેવા નુ ખાનગી કરણ કે કોન્ટ્રાક્ટ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. અમુક સેવાઓ સરકાર હસ્તક જ હોવી જોઈએ કે જેથી તમામ વર્ગ ના લોકોને રોજગાર મળી રહે. ખાનગી કરણ ના લીધે અમુક લોકોને જ રોજગાર મળી શકે જો સરકાર ના હસ્તક તેના પર સરકારનું નિયંત્રણ હોય તો લોકોને રોજગાર મળી શકે અને એકહથ્થુ રાજ ન ચાલે માટે દરેક સરકારી સેવાનું ખાનગી કરણ દેશના હિત માં નથી. એટલે અમુક સત્તાઓ સરકારના હસ્તક જ હોવી જોઈએ.

**સુરત -ચન્દ્રકાન્ત રાણા**

### ઈમાનદાર લોકશાહી જીવંત છે

ભારતીય ચૂંટણી પંચના અધિક કમિશનર શ્રી સુખબીર સીંગ તથા શ્રી વિવેક જોશી ને માં તુજે સલામ કહીને આભાર અને અભિનંદન આપવા ઘટે એવું કહેવામાં અતિશયોક્તિ નથી..

સમગ્ર ઘટનાક્રમમાં ભારતના બંધારણને ટકાવી રાખવા અને આઝાદી પછીના સ્વપ્નના ભારતને સાકાર કરવાના સંઘર્ષ અને મુશ્કેલીઓમાં પણ મૂલ્યોને ,સિદ્ધાંતોને, ટકાવી રાખવાની હિંમત, મર્દાનગી, અને ઈમાનદારીના દર્શન થાય, એ જીવંત લોકતંત્ર નો ઉત્તમ નમુનો છે,,

મુખ્ય ચૂટણી કમિશનર (gyanesh Kumar)જે સરકારનો પોપટ છે,, વોટ ચોરી નો સૂત્રધાર છે,, ને બીજી તરફ આ બે નખશિખ પ્રમાણિક દેશના સપૂતો અધિક કમિશનર શ્રી ઓ છે ,જે બંધારણ અને કાયદો તથા નાગરિકોના રક્ષણ માટે 56 ઈંચ ની છાતી રાખીને વિરોધ કરે છે,, અને સમગ્ર મત ચોરીનો સરકારનો ભ્રષ્ટાચાર પબ્લિક ડોમેન માં મૂકે છે,,

ટૂંકમાં ચર્ચા એટલી જ છે કે ભારત દેશ ની ધરતીના પેટાળમાં લોકશાહીના મૂળિયા દિને દિન અને આઠે પ્રહર મજબૂત થયા છે અને થઈ રહ્યા છે અને થતાં જ રહેશે,, કોઈપણ મનુવાદી કે સાંપ્રદાયિક તાકાતો તેને ધ્વસ્ત કરી શકશે નહીં.ચૂંટણી પ્રક્રિયાને દૂષિત અને અપવિત્ર કરનાર સરકારના પપેટ અને પોપટ જેલ માં અને સરકાર પોતે હવે વિપક્ષમાં બેસવાની તૈયારી રાખે એવું બોલવામાં જરા પણ ઉતાવળ નથી.

**નવસારી - રાજન જોશી**

### પુસ્તક વિમોચન

સુરત નર્મદનગરી એટલે સાહિત્યનગરી. હવે ધીરે ધીરે સાહિત્ય વિશે શૂન્ય થવા જઈ રહ્યા છીએ. સાહિત્યની ધમધમતી સભાઓ શાંત થઈ ચૂકી છે. સુરતનો દક્ષિણ ગુજરાત ચર્ચાપત્રી સંઘ ગુજરાતના સાહિત્યકારોને આમંત્રણ પાઠવી સાહિત્ય જગતને જાગૃત રાખવાનું અભિનંદનીય કાર્ય કરી રહ્યું છે. પ્રો. જે. આર. વઘાસિયા લિખિત પુસ્તક ‘વિચાર આરાધન’નું લોકાર્પણ ગુજરાત સાહિત્ય પરિષદના સમીર ભટ્ટ, ડંકેશ ઓઝા, કુમારેશ ત્રિવેદીએ કર્યું. ચર્ચાપત્રો વિશે વિશેષ ઊંડાણપૂર્વક ચર્ચા કરી. ચર્ચાપત્રો લોકજાગૃતિ, લોકવિરોધ, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને શિક્ષણમાં સત્ય અને અસત્યનો ભેદ પારખી બતાવે છે. ચર્ચાપત્રી પોતાની ચાંચ (કલમ) વડે સતત લોકો માટે પથદર્શક અને માર્ગદર્શક બને છે. 187 જેટલા ચર્ચાપત્રો ‘ધબકાર’માં લખી રેકોર્ડ કરનાર પ્રો. વઘાસિયાનું આ પુસ્તક સાચા અર્થમાં લોકસંદેશને વધુ પ્રસારિત કરે છે. એવું કથન ‘ધબકાર’ના તંત્રી નરેશ વરિયાએ કર્યું. સુરતના જાણીતા નાટ્યકાર નરેશ કાપડિયાએ પુસ્તક પરિચય ચર્ચાસ્પદ ભાષામાં રજૂ કર્યો. પુસ્તક લેખક પ્રો. વઘાસિયાએ પોતાને આ પેઢીના છેલ્લા પણ છેલ્લેથી પહેલા લેખક ગણાવી ગૌરવની લાગણી અનુભવી હતી. ચર્ચાપત્રી સંઘના પ્રમુખ સુનીલ શાહે આવકાર પ્રવચનમાં સાહિત્ય જગતની ચિંતા કરી હતી. સમયની પાબંદી હોય ત્યારે વક્તા અને વિષયને ન્યાય આપી શકાતો નથી. સમય સાંજે 4થી 6 હોય તો સાહિત્યપ્રેમી સિનિયર સિટીઝન સ્વઘરે અજવાળે પહોંચી શકે.

**સુરત - ગોપાળ પરમાર**

### AI ની સમજ

જ્યારથી એઆઈ ની સમજ વધવા માંડી છે ત્યારથી દરેક ઉંમર,વર્ગ અને અલગ અલગ વ્યવસાયનાં લોકો એનો ઉપયોગ કરતા થયા છે. ટેકનોલોજી અપનાવવી એ ખરાબ બાબત નથી. વિશ્વ ટેક્નોલોજીમાં પ્રગતિ કરી રહ્યું છે. પણ આપણે વિચારવું પડશે માહિતી અને જવાબદારી વચ્ચેનો તફાવત, તમે AI પાસેથી માહિતી મેળવી શકો છો, પરંતુ તેનો અર્થ એ નથી કે તે જવાબદારીપૂર્વક આપવામાં આવી છે. તે તમને બજારની સ્થિતિ વિશે માહિતી આપશે, ક્ષેત્રમાં કેટલી કંપનીઓ કામ કરે છે, પરંતુ ક્યારેય જવાબદારી નહીં. જો તમને અદ્યતન માહિતીની જરૂર હોય, તો જવાબદારીના ભાગરૂપે સ્થાનિક સ્તરે સંપર્ક કરવો આવશ્યક છે. મારું માનવું છે કે સામાન્ય લોકો તેનો ઉપયોગ માત્ર આનંદ મેળવવાના સ્તર પૂરતો જ કરવો જોઈએ, જો તમારે જવાબદારીની જરૂર હોય, તો સ્થાનિક સ્તરે સંપર્ક કરવો આવશ્યક છે. લોકો ઔપચારિકતાથી દૂર જશે અને નજીકના ભવિષ્યમાં સ્વાભાવિકતા અપનાવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ AI દ્વારા કૉલ કરે તો મોટા ભાગનાં લોકો ફોન કાપી નાખે છે, જ્યાં સુધી પોતાની જરૂરિયાત ન હોય, ટેક્નોલોજી હંમેશા સમાજ માટે સારી હોય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે જ માત્ર આપણું જીવન છે. જવાબદાર ગ્લોબલ વોર્મિંગ, આપણે તેમના માટે કામ કરવું જોઈએ, નહીં તો આપણી ભાવિ પેઢી માટે આપણા ટૂંકા આનંદના ગેરફાયદા કરી જઈશું.

**સુરત -જિજ્ઞેશ બક્ષી**